# મહિલાઓની જાતીય સતામણી નિવારણ વિષયક તાલીમ કાર્યક્રમ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને જેન્ડર રિસોર્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે વલ્લભવિદ્યાનગર ખાતે મહિલાઓની જાતીય સતામણી નિવારણ વિષયક તાલીમ કાર્યક્રમ યોજાયો

તારીખ: 9 સપ્ટેમ્બર, 2026.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર સંચાલિત જેન્ડર રિસોર્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે તા. 9 સપ્ટેમ્બર, 2026ના રોજ વલ્લભવિદ્યાનગર સ્થિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કૉલેજ ખાતે 'જેન્ડર એન્ડ ડેવલપમેન્ટ' તેમજ 'કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી (અટકાવ, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ, 2013' વિષય પર એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. સહભાગીઓના પૂર્વજ્ઞાનની ચકાસણી અર્થે યોજાયેલી પૂર્વ-કસોટીથી કાર્યક્રમનો આરંભ થયો હતો.

ઉપસ્થિત અગ્રણીઓએ કાર્યસ્થળે મહિલાઓ માટે સન્માનજનક, સુરક્ષિત અને સંવેદનશીલ વાતાવરણ નિર્માણ કરવાની અનિવાર્યતા પર વાત કરી હતી.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયે પ્રેરણાદાયી અધ્યક્ષીય ઉદ્બોધન કરતાં યુવાપેઢીને આત્મગૌરવ સાથે ઉત્તરદાયી નાગરિક તરીકે તૈયાર થવા અનુરોધ કર્યો હતો. વધુમાં જણાવ્યું કે આપણા જીવનમાં માત્ર ભૌતિક આંતરમાળખાકીય સુવિધાઓનો વિકાસ પર્યાપ્ત નથી. નાગરિકો માટે સુરક્ષિત, સંવેદનક્ષમ અને સમાનતાપૂર્ણ વાતાવરણનું નિર્માણ પણ એટલું જ આવશ્યક છે. મહિલાઓની સુરક્ષા કે સન્માન માટે કોઈ વિશેષ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવું ન પડે અને પ્રત્યેક વ્યક્તિ સ્વતંત્રતા તથા ગરિમાપૂર્ણ વાતાવરણમાં શ્વસી શકે, તેવા નવભારત-નિર્માણ માટે યુવાનો સક્રિય સંકલ્પબદ્ધ બને તે સમયની તાતી જરૂરિયાત છે.

મુખ્ય અતિથિપદેથી ચેરિટી કમિશનર ડૉ. યોગિની સિમ્પીએ યુવાનોને કાયદાકીય જોગવાઈઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જીવનના વાસ્તવિક અનુભવો અને દૃષ્ટાંતો રજૂ કરી યુવાનોને કાયદા પ્રત્યે સજાગ રહીને સામાજિક જવાબદારીનું વહન કરવા પ્રોત્સાહિત કર્યા. ચરોતર વિદ્યામંડળના મંત્રી ડૉ. એસ. જી. પટેલે આશીર્વચન પાઠવતાં યુનિવર્સિટી અને સંસ્થાની ઉત્તરોત્તર શૈક્ષણિક પ્રગતિ તથા ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

તાલીમ કાર્યક્રમના વિવિધ સત્રોમાં વિષયનિષ્ણાતોએ ચાવીરૂપ વિષયો પર સઘન પ્રશિક્ષણ આપ્યું. ડાયરેક્ટ ફેથ ફાઉન્ડેશન, વડોદરાના પ્રતિનિધિ સુશ્રી સુઝન સેમસને લિંગભેદ નિર્મૂલન અને જાતિગત સંવેદનશીલતા વિશે માર્ગદર્શન આપ્યું. આણંદ લૉ કૉલેજના સહ-પ્રાધ્યાપક ડૉ. કિરણ સી. ભરતીયાએ 'કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી (અટકાવ, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ, 2013'ની વિવિધ કલમો, મહિલાઓના કાનૂની અધિકારો અને ન્યાયિક પ્રક્રિયાનું વિશ્લેષણ કર્યું હતું. આ સાથે જેન્ડર રિસોર્સ સેન્ટરના સંશોધન સહાયક સુશ્રી ધર્મિષ્ઠા ઝાલાએ યુવાનો માટે સ્વાસ્થ્ય અને પોષણના મહત્ત્વ અંગે માર્ગદર્શન આપ્યું.

સત્રના સમાપને તાલીમાર્થીઓના જ્ઞાન-સંવર્ધન અને ગ્રહણક્ષમતાની સમીક્ષા માટે ઉત્તર-કસોટી યોજવામાં આવી. ઉપસ્થિત સર્વેએ કાર્યક્રમને મહિલાઓના કાયદાકીય અધિકારો અંગે જાગૃતિ લાવવા અને સન્માનપૂર્ણ કાર્યપરિવેશનું નિર્માણ કરવા માટે માર્ગદર્શક ગણાવ્યો.

આયોજનને સફળ બનાવવા જેન્ડર રિસોર્સ સેન્ટર(GRC)નાં શ્રીમતી શૈલેન્દ્રબેન ઝાલા, પ્રો. પ્રિયાંકી વ્યાસ, ડૉ. નિશા જોષી, ડૉ. સોનલ ચૌધરી તેમજ કેન્દ્ર સંયોજક ડૉ. બી. એમ. પરમાર અને સહસંયોજક શ્રી મહેશ પરમાર સહિતનાં સહયોગીઓએ સંનિષ્ઠ યોગદાન આપ્યું હતું. ઔપચારિક આભારવિધિ સાથે એક દિવસીય પ્રશિક્ષણ શિબિર સુચારુ રીતે સંપન્ન થઈ હતી.










